# મનોરંજન કર ઉઘરાવવાની સત્તા સ્થાનિક સંસ્થાને મળી

અમદાવાદ, તા.૯

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજયના ગ્રામ, નગરો અને મહાનગરો જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં માળખાગત સવલતોનો વ્યાપ વધે તે માટે મનોરંજન અને આનંદપ્રમોદ કર ઉઘરાવવાની સત્તા આ સંસ્થાઓને આપવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આજે વિધાનસભા ખાતે ગુજરાત સ્થાનીક સત્તા મંડળ કાયદા વિધેયક-૨૦૧૭ને રજુ કરતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં આગામી સમયમાં જીએસટી કાયદો અમલમાં આવનાર હોઈ રાજ્યોને મનોરંજન ટેક્ષ લેવાની સત્તા રહેતી નથી અને આ ટેક્ષ એ સર્વીસ ટેક્ષનો ભાગ બનશે માટે સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓને વિકાસ કામો માટે વધુ નાણા મળી રહે તે માટે આ વેરો ઉઘરાવવાની સત્તા સીધી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મળશે તેમાં રાજય સરકારનો કોઈ હિસ્સો રહેશે નહીં. તેમણે ઉમેર્યું કે, જીએસટીના અમલ બાદ ૧૯૭૭ના કાયદા મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જે મનોરંજન કર ઉઘરાવાતો હતો તે રાજય સરકાર લઈ શકશે નહીં. આ માટે રાજ્યોએ પોતાનો અલગ કાયદો બનાવવાની સત્તા હોઈ આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, ભુતકાળમાં રાજયના સીનેમાગૃહો, મલ્ટીપ્લેક્ષ, થિયેટરો, મેળાઓ, વોટરપાર્કમાં સરકાર દ્વારા મનોરંજન કર વસુલવામાં આવતો હતો તેમાં ૫૦ ટકા વેરો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને ૫૦ ટકા વેરો રાજય સરકાર હસ્તક રહેતો હતો પરંતુ નાણાપંચે રાજય સરકારને ભલામણ કરી કે વેરાની જે ૫૦ ટકા રકમ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અપાય છે તેના બદલે ૭૫ ટકા આપવી તે માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ-૨૦૦૨થી મનોરંજન કરની ૭૫ ટકા રકમ આ સંસ્થાઓને આપવાનો નિર્ણય કર્યો હતો. જીએસટીના અમલ બાદ આ સુધારા વિધેયકથી હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ૧૦૦ ટકા મનોરંજન કર વસુલ કરવાની સત્તા મળશે.

# હવે, વેપારીની સજાનો ગુનો જામીનલાયક બને : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા.૯

ગુજરાત સહિત સમગ્ર દેશના અર્થતંત્રને નવી દિશા આપનાર અને વન નેશન વન ટેક્સની થિયરીને સાકાર કરતા ગુડ્ઝ સર્વિસ ટેક્સ બિલને આજે ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. આ બિલ ઉપર સાડા ત્રણ કલાક સુધી લાંબી ચર્ચા થઈ હતી.

ભાજપ સરકાર દ્વારા રજૂ કરાયેલા આ બિલ પર બોલતા વિધાનસભામાં કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વેપારીઓને જેલ સજાની જોગવાઈ કરવામાં આવી છે અને ગુનાને બિનજામીન લાયક ગણાવ્યો છે. તેમાં સુધારા કરીને જામીનલાયક ગુનો બનાવવો જોઈએ. વાઘેલાએ તર્કદાર દલીલો કરી હતી. ગુજરાત વિધાનસભામાં જીએસટી બિલની ચર્ચામાં શક્તિસિંહ ગોહિલ, રણજીતભાઈ, બલવંતસિંહ રાજપૂત, તેજશ્રીબેન પટેલ સહિતના આગેવાનોએ ભાગ લીધો હતો. વિધાનસભામાં અન્ય જે સભ્યો ઐતિહાસિક જીએસટી બિલની ચર્ચામાં ભાગ લીધો હતો તેમાં દુષ્યંત પટેલ, ઈન્દ્રનીલ, રાજયગુરુનો સમાવેશ થાય છે. વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને અન્ય સભ્યોએ કરેલા સૂચનોને આવકારવામાં આવ્યા હતા.

# માયાબેન-વિહિપ આગેવાનો સોલા સિવિલમાં હાજર હતા

અમદાવાદ, તા.૯

ગોધરાકાંડ બાદ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ નરોડા ગામના રાયોટીંગના દિવસે સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી ભાજપના પૂર્વ ધારાસભ્ય ડો.માયાબહેન કોડનાની અને વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા એ મતલબનો મહત્વપૂર્ણ પુરાવો આજે નરોડા ગામના ટ્રાયલ દરમ્યાન સાક્ષી બિપીનભાઈ ઠક્કરની જુબાનીમાં સામે આવ્યો હતો. નરોડા ગામના બનાવ વખતે ડો.માયાબહેન કોડનાની સહિતના સંબંધિત આરોપીઓ ઘટનાસ્થળે ન હતા એ મતલબના નિવેદન અને એલીબીના પુરાવાને આજની જુબાની અને ઉલટતપાસ દરમ્યાન સજ્જડ સમર્થન પ્રાપ્ત થયું હતું. આજે બે સાક્ષીઓની જુબાની અને ઉલટતપાસ બાદ સ્પેશ્યલ કોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૧મી મેએ રાખી હતી. નરોડા ગામના ટ્રાયલમાં આજે સામાજિક કાર્યકર બિપીનભાઈ ઠક્કરે પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેમના પાડોશી મનસુખભાઈ અને જેસલભાઈ સોની ગોધરાકાંડમાં માર્યા ગયા હોઈ તેઓ અને મૃતકના પરિવારજનો સવારે ૮-૦૦ વાગ્યે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જયાં દોઢ કલાક પછી તેમને જેસલભાઈની અને સવારે ૧૧-૦૦ વાગ્યે મનસુખભાઈની લાશનો કબ્જો મળ્યો હતો. એ દિવસે વિશ્વ હિન્દુ પરિષદના ડો.જયદીપ પટેલ, અરવિંદ બ્રહ્મભટ્ટ, ભૂપતભાઈ ગોહિલ, રાવજીભાઈ, કાનેન્દી, બાબુ પટેલ(બાબુ બજરંગી) અને ડો.માયાબહેન કોડનાની પણ ત્યાં હાજર હતા. એ સિવાય સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ બેલાણીબહેન, પ્રજાપતિભાઈ અને અન્ય રાઠોડભાઈ સાથે પણ વાતચીત થઈ હતી. ડો. જયદીપભાઈએ અધિકારીઓ સાથે સરકારી વાહન માટેની વ્યવસ્થા કરવાની વાત કર્યા બાદ તેઓ બંને લાશ તેમાં લઈ ગયા હતા.

# અરવલ્લી જિલ્લામાં તરબૂચને ગળ્યુ બનાવવા માટે સેકરીન ઈન્જેકશનનો થતો ઉપયોગ

## જિલ્લાવાસીઓના આરોગ્ય સાથે ચેડા કરતા તત્વો સામે આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ, નગરપાલિકાતંત્રના આંખ આડે કાન

અરવલ્લી, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર સહિત અન્ય વિસ્તારો અને રાજ્ય ધોરીમાર્ગ પર ઠેર ઠેર તરબૂચની હાટડીઓ અને લારીઓમાં ફેરીયાઓ



વેચતા નજરે પડે છે. તરબૂચને મીઠુ મધ બનાવવા માટે કેટલાક વેપારીઓ ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા કરીને સેકરીનનો બેરોકટોક ઉપયોગ કરતા હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યુ છે. તંત્ર આ બાબતે ધ્યાને લઈ તપાસ હાથ ધરે તો જ સત્ય હકીકત બહાર આવે પરંતુ સરકારી તંત્ર આ બાબતે ભેદી મૌન સેવી રહ્યુ છે. જેના લીધે તરબૂચમાં સેકરીન ભેળવવાના ગોરખધંધા બેરોકટોક ચાલી રહ્યા છે અને ગ્રાહકોના આરોગ્ય સાથે ખીલવાડ થઈ રહ્યો છે.

તાજેતરમાં જ હાઈકોર્ટના આદેશ બાદ કામગીરી દેખાડવા માટે નગરપાલિકાતંત્ર અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ફેરીયોના વેપારીઓને ત્યાં કાર્બોઈડ પ્રકરણે તપાસ હાથ ધરી હતી. આ તપાસ બાદ જાણે બધુ બરાબર કંટ્રોલમાં આવી ગયુ હોય તેમ ત્યારબાદ તંત્રે કેરીઓના વેપારીઓ સામે આંખ ઉંચી પણ કરી નથી. તંત્ર અત્યારે ઉનાળાની સિઝનમાં જ ભેદી મૌન સેવીને બેસી રહ્યુ છે. ત્યારે ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા કરવાનો વેપારીઓને જાણે પીળો પરવાનો મળી ગયો હોય તેમ લાગી રહ્યું છે. માત્ર કેરીયો જ નહિ પરંતુ હવે તરબૂચના કેટલાક વેપારીઓ પણ આ લાઈનમાં આવી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં વેચાતા તરબૂચમાં અતિશય ગળપણ ધરાવતા પુષ્કળ પ્રમાણમાં વેચાઈ રહ્યા છે. દર વર્ષે વેચાતા તરબૂચ કરતા ચાલુ સાલે બજારમાં મળતા તરબૂચ ગળ્યા હોવાનુ અને તરબૂચનો એક ભાગ ગળ્યો અને બીજો ભાગમાં મીઠાશ ન જોવા મળતા અને બે ત્રણ દિવસ ગરમીથી રાહત મેળવતા તરબૂચ આરોગવાથી કેટલાક લોકોના મોઢામાં ગરમી ફૂટી નીકળતા તરબૂચમાં સેકરીનના ઈન્જેક્શન આપી ગળ્યા બનાવવાનો ગોરખધંધો ચાલતો હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. મોડાસા તાલુકાના તરબૂચ પકવતા એક ખેડૂતના જણાવ્યા અનુસાર તેમને બજારમાં મળતા ગળ્યા તરબૂચ આટલા વર્ષોમાં પહેલીવાર જોતા આશ્ચર્ય અનુભવી રહ્યા હોવાનું જણાવ્યુ હતુ.

# ગણપત યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને વર્કશોપનું સમાપન

## દેશ-પરદેશમાંથી આવેલા ૩૪૦ જેટલાં યુવા અભ્યાસીઓ-વૈજ્ઞાનિકોએ ૨૮૦ જેટલાં પ્રેઝન્ટેશન્સ કર્યા અને સાયન્ટિફિક રાઈટિંગ વર્કશોપમાં ભાગ લીધો

ગણપત વિદ્યાનગર, તા. ૯

રાજયની પ્રથમ પંક્તિની હાઈટેક વિદ્યાસંસ્થા તરીકે ખૂબ નામના પામેલી ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કોલેજ મહેસાણા અર્બન ઈન્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ અને ઈન્ટરનેશનલ સાયન્સ કોમ્યુનિટિ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ગણપત વિદ્યાનગરના આંગણે ગઈકાલ અને આજ એમ બે દિવસ માટે યોજાયેલ ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને સાયન્ટિફિક રાઈટિંગ વર્કશોપનું આજે બપોરે યોજાયેલા વેલિડિક્ટરી ફંક્શન સાથે સમાપન થયું હતું.

ગઈકાલે સવારે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ અને ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એસ.એ. બારીએ અભ્યાસ અને સંશોધનમાં વ્યસ્ત એવી યુવા પેઢીની સરાહના કરતા કહ્યું હતું કે ૨૧મી સદીમાં ભારત વિશ્વને 'લીડ' કરશે અને 'લીડ'ના પ્રેરક હશે યુવાનો. ભારત દુનિયાનું આજે સૌથી 'વાઈબ્રન્ટ' અને સૌથી 'યુવાન' કન્ટ્રી છે. અને



દેશમાં થઈ રહેલા આ પરિવર્તનને યુવા પેઢી જ 'લીડ' કરશે.


જગતમાં આજે ઘણાં લોકો-લાખ્ખો લોકો હજુ ભૂખ્યા સૂવે છે. એમનો માટે વિજ્ઞાન, યુવા વૈજ્ઞાનિકોના અભ્યાસ-સંશોધન જો કંઈ કરી શકશે તો એ બહુ મોટી સામાજિક સેવા ગણાશે.

આ ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલે વૈજ્ઞાનિક અને ગણપત યુનિ.ના ટ્રસ્ટી ડૉ. દશરથ પટેલે કહ્યુ હતુ કે જે લોકો નિષ્ણાત તરીકે પૂરી નિષ્ઠા સાથે કામ કરે છે તેને માટે વિશાળ તકો એમને માટે રાહ જોતી ઉભી હશે. એમણે ડૉ. નારલિકરના બ્લેકહોલ અંગેના સંશોધન કાર્યને યાદ કરીને કહ્યું હતું કે એમના અભ્યાસ-સંશોધનને ભારે મથામણ બાદ જગતે સ્વીકાર્યા હતા.

ઈન્ટરનેશનલ સાયન્સ કોમ્યુનિટિ એસોસિએશનના ડાયરેક્ટર પ્રો. દીપક શર્માએ ઉદ્‌ઘાટન સમારંભ વેળાએ સૌને આવકાર્યા હતા. તો ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ રિસર્ચને મહત્વ આપવાના યુનિ.ના વલણની વાત સાથે જણાવ્યું હતું કે આજની આ જ્ઞાનની સદીમાં યુવા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપવું અત્યંત જરૂરી છે. ત્રણ વર્ષ પહેલા ગણપત યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવેલા સેન્ટર ફોર એડવાન્સ રિસર્ચનો ઉલ્લેખ કરી ડૉ. શર્માએ એ વાત ઉપર ભાર મુક્યો હતો કે વિદ્યાર્થીઓ માટે 'ફન્ડેડ રિસર્ચ'ની વ્યવસ્થા થવી જોઈએ અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ યુનિવર્સિટી કક્ષાએથી જ આરંભાઈ જવું જોઈએ.

## આ પણ વાંચીએ...

### ● બાળકને ઘસડતી સ્કૂલ ટીચર સસ્પેન્ડ



અમેરિકાના ઓહાયો રાજયમાં બનેલી એક ઘટનાએ ભારે ચર્ચા જગાવી દીધી છે. અહીંની એક મહિલા ટીચરે પોતાના એક સ્ટુડન્ટને પગથી પકડી ઘસડયો હતો. તેની તસવીર સીસીટીવી કેમેરામાં કેદ થતાં વાલીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.જો કે સ્કૂલના સંચાલકોએ ટીચરને સસ્પેન્ડ કરી મામલાને ઠારવાનો પ્રયાસ કર્યો છે.

### ● આ ઓશિકાને બનતા ૧૫ વર્ષ લાગ્યા, લાખોમાં છે કિંમત

આ દુનિયાનું સૌથી મોંઘુ ઓશિકું છે. જેમાં નિલમ, સોના અને હીરા જડેલા છે. નેધરલેન્ડના ફીઝીયોથેરાપીસ્ટે ૧૫ વર્ષની ભારે મહેનત અને રિસર્ચ બાદ તેને બનાવ્યો છે. આની કિંમત ૫૭,૦૦૦ ડોલર એટલે કે રૂ. ૩૬ લાખ રાખવામાં આવી છે.

### ● સ્માર્ટફોનમાં બદલશે હથેળી



આપની હથેળી હવે સ્માર્ટફોન બની શકશે. આ સપનું ખુબ જ ઝડપથી સાકાર થશે. ટોકયો યુનિવર્સિટીના સંશોધકો આ દિશામાં કાર્ય કરી રહ્યા છે.

હથેળીમાં જ સ્માર્ટફોન ફીટ થઈ શકે તેવી ટેકનોલોજી શોધાઈ રહી છે. આગામી બે વર્ષમાં આ ટેકનોલોજી કાર્યરત થઈ જશે.

# સુથાર સમાજ ગુજરાતનો રાજ્યસ્તરીય શૈક્ષણિક ઈનામ સમારોહ યોજાયો

સુથાર સમાજ ગુજરાતનો રાજ્યસ્તરીય શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ, વાર્ષિક સાધારણ સભા કમ



શ્રેષ્ઠાઓનું સન્માન એમ ત્રિવિધ કાર્યક્રમ તાજેતરમાં સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારંભનો દિપ પ્રાગટ્ય ગૌતમભાઈ સુથાર-ઉંડેરા, ડાહ્યાભાઈ ગજ્જર-પ્રોફેસર બાવડેચા, મુકેશભાઈ મિસ્ત્રી, શંકરભાઈ મિસ્ત્રી-હરણી, બળદેવભાઈ મિસ્ત્રી-અમદાવાદ, ઠાકોર મિસ્ત્રી, ઉર્મિલાબેન સુથાર-નડીયાદ, સુરેશભાઈ મિસ્ત્રી, દિનેશભાઈ મિસ્ત્રી, ભરતભાઈ સુથાર-ઉમરેઠ, નરસિંહભાઈ સુથાર, ચંદ્રકાન્ત મિસ્ત્રી મંત્રી, સંજયભાઈ ગજ્જર પ્રારંભ કરી રહ્યા છે. ભદ્રેશભાઈ સુથાર, નિકિતાબેન ગજ્જર, એલ.ડી. સુથાર-લુણાવાડા, હરિવદન ગજ્જર-રાજપીપળા, રોહિતભાઈ સુથાર-દેલોલ વગેરે સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિમાની મથક ઉપર ટ્રેકટરના ડ્રાઈવરે લોડરનો પગ કચડયો

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગઈ મોડી રાત્રે દુબઈથી આવેલી એક ફલાઈટમાં લગેજ ઉતારવાની કામગીરી દરમ્યાન લગેજ ઉતારવા માટેનું ટ્રોલી એટેચ્ડ જે ટ્રેકટર હોય છે તેના ડ્રાઈવરે દારૂ પીધેલી હાલતમાં પાછળ ટ્રેકટર પાછળ હંકારી લગેજ મૂકવા માટે ઉભેલા લોડરનો પગ કચડી નાંખતા એરપોર્ટ પર દોડધામ મચી ગઈ હતી. લોડરને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ બોલાવી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ગર્ભપાત સંભવ નથી.' હું કહું છું તે માનો, આ બાળકને દુનિયામાં આવતાં કોઈ શક્તિ રોકી શકે નહીં. તેથી ઈશ્વરની અણમોલ ભેટ સમજી તેને સંસારમાં લાવવાનું પુણ્ય કમાઈ લો. 'થોડા દિવસ પછી સંજના ને ઘેર બીજી સ્વસ્થ અને સુંદર કન્યાએ જન્મ લીધો. દંપત્તિ એ ભારે મને તેના ભરણપોષણનો પ્રારંભ કર્યો. તેનું નામ રશ્મિ રાખ્યું.'

બાળકકી મોટી થઈ. ખુબ જ ચાલાક, હોંશિયાર અને તીવ્ર બુદ્ધિશાળી. અઢી વરસની થતાં તેને કોન્વેન્ટમાં પ્રવેશ અપાવી દીધો. તે દરેક ધોરણમાં પ્રથમ નંબરે પાસ થતી હતી. વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી કર્યા બાદ સંજયની એવી ઈચ્છા હતી કે રશ્મિ કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરે. પણ તે હજુ વધુ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માંગતી હતી. પ્રયાસ સફળતાની તરફ તેને દોરતો ગયો. પિતાની ઈચ્છાથી વિપરીત બાયોટેકનોલોજીમાં પી.એચ.ડી. કરવા માટે અમદાવાદની યુનિવર્સટી હોસ્ટેલમાં જઈ પહોંચી. પિતાએ પહેલાં તો હા-ના કરી, પરંતુ દીકરીની જીદ આગળ હથિયાર હેઠાં મુકી જેવાં પડ્યાં. દોડતા અશ્વને ચાબુક લગાવવાની જરૂર પડતી નથી.

ઈશ્વરની કૃપા રશ્મિ પર એવી ઊતરી કે પીએચડી. કર્યા પછી તે શહેરની ખુબ જાણીતી કૉલેજમાં અધ્યાપક બની ગઈ. શહેરમાં સામાજિક સ્તરે પણ તેનું નામ મોખરે છે. લોકો હવે રશ્મિને સંજયના નામથી નહીં પણ 'આ રશ્મિના પિતા છે એ રીતે સંજયને ઓળખે છે. પેલી કહેવત છે ને કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે.'

### સ્ટ્રોમ વોટર લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોજેકટ છેલ્લા સાત વર્ષથી કાગળ પર જ અટવાયેલો છે. ત્યારે એજન્સીના રીપોર્ટના અંતે આગામી દિવસોમાં નવી કાર્યયોજના પર કામ હાથ ધરાય તે તરફ નગરજનોની મીટ મંડરાઈ છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો થતા જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે પર્યાપ્ત અભ્યાસ કરી દેવાયો છે . આવા સંજોગોમાં યોગ્ય બજેટ મંજુર કરીને આ કામગીરી હાથ ધરાય તેવો સુર ઉઠવા પામ્યો છે.

### ગુજકેટની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત સ્કોવોર્ડની ટીમ પણ રાઉન્ડ લે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા અને શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે પુરતી વ્યવસ્થા કરી દેવાઈ છે. ગુજકેટની પરીક્ષા વચ્ચે વિદ્યાર્થીઓની મીટ હાલ પરિણામ તરફ મંડરાઈ છે. નીટની આકરી કસોટી બાદ પરીણામ સંદર્ભે ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. આવા સંજોગોમાં વિજ્ઞાન પ્રવાહના પરિણામ માટે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજના છવાયેલી જોવા મળી રહી છે.

### જીએસટી બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવર્તન આવશે. જીએસટી કાયદા માટે ગુજરાત વિધાનસભામાં આજે વિશેષ સત્રમાં સાડા ત્રણ કલાક સુધી વિશત અને વિસ્તૃત વિચાર વિમર્શ થયો હતો. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને અન્ય સભ્યોએ કરેલ સૂચનોને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં જીએસટી કાઉન્સિલને લોકસભા રાજયસભા કરતા પણ વધુ મહત્વ આપીને વિશેષ દરજ્જો આપ્યો છે. ગુજરાત વિધાનસભામાં જીએસટી બિલની ચર્ચામાં શક્તિસિંહ ગોહિલ, રણજીતભાઈ, બલવંતસિંહ રાજપૂત, તેજશ્રીબેન પટેલ સહિતના આગેવાનોએ ભાગ લીધો હતો.

### છ માસની જેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ સાત જજની એક ખંડપીઠની રચના કરવામાં આવી હતી. આ ખંડપીઠે જસ્ટીસ કર્ણનની સામે કોર્ટના આદેશની અવગણના કરવા સાથે સંબંધિત કાર્યવાહી હાથ ધરી હતી. પોતાની સામે શરૂ થયેલી કોર્ટ કાર્યવાહીનો સામનો કરવા માટે સુપ્રીમ કોર્ટે બે વખત જસ્ટીસ કર્ણનને કોર્ટની સમક્ષ હાજર થવાનો આદેશ કર્યો હતો. પરંતુ કર્ણન આ આદેશની અવગણના કરીને કોર્ટ સમક્ષ હાજર થયા ન હતા. ત્યારબાદ તેમની સામે ૧૦મી માર્ચના દિવસે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યુહતુ. કોર્ટે તેમને ૩૧મી માર્ચ પહેલા હાજર થવાનો આદેશ કર્યો હતો. કર્ણનસિંહ ૧૧મી જુનના દિવસે નિવૃત્ત થઈ રહ્યા છે. હવે જજ તરીકે અવધિના અંતિમ મહિનામાં જૈલમાં રહેશે ત્યારબાદ બીજા પાંચ મહિના જેલમાં ગાળશે. જીજેઆઈ જેએસ ખેહરના નેતૃત્વમાં સાત જજની બેંચે કહ્યું છે કે, જસ્ટિસ કર્ણન સુપ્રીમ કોર્ટના તિરસ્કારના મામલામાં દોષિત જાહેર થયા છે. સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળના ડીજીપીને તરત કસ્ટડીમાં લઈ લેવા આદેશ કર્યો છે. આ પ્રકારના ચુકાદાથી ભારે ખળભળાટ મચી ગયો છે.

જસ્ટિસ કર્ણનને જેલમાં મોકલવામાં આવશે તો ન્યાય તંત્રના ઈતિહાસમાં પહેલી ઘટના રહેશે. એક વર્તમાન જજને જેલમાં મોકલવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, તિરસ્કારના મામલામાં કોઈ રાહત આપી શકાય નહીં.

### ફરી ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ હતી. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો પાકિસ્તાન દ્વારા જોરદાર જવાબ આપવામાં આવ્યો હતો. સંરક્ષણ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાની સેનાએ સવારે ૮-૪૦ વાગે મંજકોટ અને મેનધાર સેક્ટરમાં ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ ગોળીબાર કરવા માટે નાના હથિયારો અને ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કર્યોહતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ફરજ બજાવતા ભારતીય જવાનો દ્વારા જોરદાર જવાબ આપવામાં આવ્યો હતો. કલાકો સુધી જોરદાર રીતે સામસામે ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં કોઈને કોઈ ઈજા થઈ નથી. જો કે સમગ્ર વિસ્તારમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી.

### ચેડા શક્ય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલ અને સત્યેંદ્ર જૈન ઉપર કપિલ મિશ્રાના આક્ષેપ બાદ આને મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યું હતું. જો કે, આમ આદમી પાર્ટીએ ગુંલાટ મારી દીધી છે. કપિલ મિશ્રા તરફથી કેજરીવાલ પર કરવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપ બાદ દિલ્હીના વિધાનસભા સત્રમાં તમામની નજર કેજરીવાલ પર હતી અને એમ માનવામાં આવી રહ્યું હતુ કે, કેજરીવાલ પોતાના પર મુકવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપોનો જવાબ આપશે પરંતુ આમ આદમી પાર્ટીએ અહીં ઈવીએમ સાથે ચેડાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આમ આદમી પાર્ટી તરફથી ચર્ચાની શરૂઆત અલકા લાંબાએ કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે જે પ્રદેશમાં ફ્રીઝમાં બીફ રાખવાના શકમાં હત્યા થઈ જાય છે ત્યાં ઈવીએમ ઉપર શંકા કરી શકાય નહીં. અલકાના કહેવા મુજબ ઈવીએમ ટેમ્પરિંગના મામલામાં આમ આદમી પાર્ટીના નેતાઓએ ત્રણ વખત દિલ્હી ચૂંટણી પંચ પાસેથી માહિતી માંગી હતી પરંતુ હજુ સુધી માહિતી આપવામાં આવી નથી. અલકાએ આક્ષેપ કર્યો હતો કે, દિલ્હી નગર નિગમની ચૂંટણી જનરેશન થ્રીના મશીનો હોવા છતાં જનરેશન વનના મશીનો મારફતે યોજવામાં આવી હતી. ચૂંટણી પંચે પુરતા પ્રમાણમાં ઈવીએમ હોવા છતાં રાજસ્થાનથી ઈવીએમ મંગાવ્યા હતા. અલકાએ આક્ષેપ કર્યો હતો કે, ઈવીએમની નજરમાં મુકવામાં આવેલા સીસીટીવી મશીનોને નુકસાન કરીને ઈવીએમ સાથે ચેડા કરીને ઉમેદવારોને દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ સૌરવ ભારદ્વાજ ઈવીએમ જેવી મશીન લઈને ગૃહમાં પહોંચ્યા હતા.

### સુપ્રીમનો હુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લલિતની બનેલી બેંચે કહ્યુ હતુ કે બે આધાર પર કોર્ટના તિરસ્કારના મામલે વિજય માલ્યા દોષિત સાબિત થાય છે. ભારતથી ફરાર થયા બાદ હાલમાં બ્રિટનમાં રહેલા વિજય માલ્યાને આ મામલામાં સજાના પ્રમાણના સંબંધમાં દલીલ કરવા માટે ૧૦મી જુલાઈના દિવસે કોર્ટમાં હાજર થવા માટે સુપ્રીમ કોર્ટે માલ્યાને આદેશ કર્યો છે. માલ્યાને ૯૦૦૦ કરોડની જંગી લોન મંજુર કરનાર બેંકોના કન્સોર્ટિયમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર વિજય માલ્યાને આ મુજબનો આદેશ કરવામાં આવ્યો છે. વિજય માલ્યાને બેંકો દ્વારા ૯૦૦૦ કરોડની લોન આપ્યા બાદ માલ્યાએ આ રકમ પરત કરી ન હતી. બ્રિટનમાંથી માલ્યાને પ્રત્યાર્પણ કરીને ભારત લાવવા માટેના પ્રયાસ કેન્દ્ર સરકાર ઝડપી બનાવી ચુકી છે ત્યારે આ આદેશ આવ્યો છે. આનાથી માલ્યાને પરત લાવવામાં મદદ મળી શકે છે. બેંકોના કન્સોર્ટિયમ દ્વારા માલ્યાની સામે સુપ્રીમ કોર્ટમાં તિરસ્કાર અરજી દાખલ કરી હતી. કારણ કે માલ્યાને ૪૦ મિલિયન ડોલરની રકમ થોડાક સમય પહેલા મળી હતી. વિજય માલ્યા બેંકોની જંગી લોન લીધા બાદ પરત કર્યા વગર બ્રિટનમાં ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ ધરપકડને ટાળવા માટેના તમામ પ્રયાસ માલ્યા કરી રહ્યા છે.માલ્યાને લઈને ભારતીય રાજકારણમાં પણ ગરમી રહી છે. આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર જારી રહ્યો છે. માલ્યાને લઈને કેન્દ્ર સરકારને મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો છે.

### કેજરીવાલ સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, એએપીના નેતાઓએ તેમના વિદેશ પ્રવાસના સંદર્ભમાં વિગતો જાહેર કરવી જોઈએ. ભુખ હડતાળ કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી. અગાઉ મિશ્રાના આક્ષેપોનો જવાબ આપતા કેજરીવાલે દેશને હચમચાવી મુકનાર મુદ્દામાં કાવતરાનો ખુલાસો કરવાની વાત કરી હતી. આ ખેંચતાણનો દોર હજુ જારી રહે તેવી શક્યતા છે. આમ આદમી પાર્ટીના નેતાઓની વિદેશ યાત્રાના મુદ્દે પણ મિશ્રાએ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, એએપીના પાંચ નેતાઓએ એટલી વિદેશ યાત્રા કરી છે કે, દેશના લોકો વિશ્વાસ કરી શકે નહીં. કપિલ એક કવર લઈને સીબીઆઈ ઓફિસ પહોંચ્યા હતા અને કહ્યું હતું કે, તેમની પાસે સત્યેન્દ્ર જૈન અને કેજરીવાલ વચ્ચે થયેલી ડીલ અને આમ આદમી પાર્ટીના નેતાઓની વિદેશ યાત્રા અંગે માહિતી છે.